**પ્રાયમરી માર્કેટની ખાટી-મીઠી**

# ઈક્વિટીસ હોલ્ડીંગનું શાનદાર લિસ્ટીંગે ગ્રે માર્કેટમાં ગરમાવો : થાયોકેર અને ઉજ્જીવન ફાઈ.ના ઈસ્યુ ગ્રે માર્કેટમાં ધૂમ કામકાજ : ઉછળેલા પ્રીમીયમો

**૨૦૧૫-૧૬ના વર્ષમાં પ્રાયમરી માર્કેટમાં ૩૦ જેટલા ઈસ્યુઓ ૧૫૦૦૦ કરોડ ઉભા કરવા કતારમાં**

**ઈક્વિટાસના તથા ઉજ્જીવન ફાઈ.નો ઈસ્યુ જોખમ સાથે લિસ્ટીંગ ગેઈન્સ માટે ભરી દેવાય**

**નવા નાણાંકીય વર્ષના આરંભથી પ્રાયમરી માર્કેટમાં રોકાણકારોમાં પ્રસરેલો ભારે ઉન્માદ : ઈક્વીટાસના ધમાકેદાર લિસ્ટીંગે અને ૨૩ ટકા જેટલા ઉંચા વળતરે રોકાણકારોની નવા ઈસ્યુઓમાં રોકાણ માટે દોટ જોતાં નવા સપ્તાહમાં મૂડીબજારમાં પ્રવેશતા થાયોકેર ટેકનોલોજીનો ઈસ્યુ ૪થી ૫ ગણો અને ઉજ્જવીન ફાઈનાન્સિયલ સર્વિસનો ઈસ્યુ ૩થી ૪ ગણો ભરાવાની વકી**

નવા નાણાંકીય વર્ષના આરંભથી પ્રાયમરી માર્કેટ ઉન્માદભર્યા વાતાવરણમાં છવાઈ ગયું છે. ઈક્વિટાસ હોલ્ડીંગના ઈસ્યુને મળેલ જંગી સફળતા બાદ આ ઈસ્યુના શેરનું થયેલ ધમાકેદાર લિસ્ટીંગમાં ઈન્વેસ્ટરોને પ્રથમ દિવસે જ ૨૩ થી ૨૫ ટકાનું રિટર્ન મળતાં પ્રાયમરી માર્કેટમાં ભારે ગરમાવો આવ્યો છે. ઈક્વિટાસ ઈસ્યુમાં રોકાણકારોને સુંદર રીટર્ન મળ્યું છે. કંપનીએ રૂા.૧૦૦ના ભાવે શેરો આપ્યા હતા અને ૨૧ એપ્રિલે આ શેરનું લિસ્ટીંગ થવા પામ્યું હતું અને પ્રથમ દિવસે કરોડોના શેરના વોલ્યુમ સાથે વચ્ચે આ ઈસ્યુનું લિસ્ટીંગ ૧૪૦/૧૪૨ના મથાળેથી વધી ૧૪૭ થઈ ૨૨.૯૫ ટકાના સુધારા સાથે ૧૩૫.૨૦ના મથાળે બંધ રહ્યો છે. બીએસઈ ખાતે ૩૦૮ લાખ શેરોનું અને એનએસઈ ખાતે ૧૩ કરોડ શેરોના જંગી સોદા થયા હતા અને ડિલીવરીબેઈઝ જંગી ખરીદી થયાના હેવાલો છે. કંપની સ્મોલ બેંકનું લાયસંસ ધરાવે છે. આ ઈસ્યુના શેરમાં હજી વધઘટે તેજીની ચાલ જોવાય. શેરો હોય તો ૫૦ ટકા નફો કરી બાકીના ૫૦ ટકાના શેરો હોલ્ડ કરાય. આ ઈસ્યુ ૧૩ ગણો ભરાયો છે. ઈક્વિટાસના ધમાકેદાર લિસ્ટીંગ બાદ હવે આગામી સપ્તાહમાં બે નવા ઈસ્યુઓનું ભારે ફેન્સી સાથે આગમન થઈ રહ્યું છે. જેમાં ધમાકેદાર ટેકનોલોજી લિ.નો ઈસ્યુ ૨૭ એપ્રિલે ખુલી ૨૯ એપ્રિલે બંધ થશે. કંપની ૪૨૦થી ૪૨૬ની પ્રાઈસબેન્ડની ઈસ્યુ કરી રહી છે. ક્યુઆઈસીમાં ૫૦ ટકા ૫૩,૭૨,૩૫૩ એચએનઆઈમાં ૧૬,૧૧,૭૦૭ શેરો તથા રીટેઈલમાં ૩૫ ટકા શેરો ૩૭,૬૦,૬૪૮ અનામત રખાયા છે.

થાયોકેરના ઈસ્યુમાં ગ્રે માર્કેટમાં ધૂમ સોદા રહેવા સાથે પ્રીમીયમમાં અફડા-તફડી જોવાઈ રહી છે. આ ઈસ્યુમાં ઓછામાં ઓછા ૩૩ શેરો અને ત્યારબાદ તેના ગુણાંકમાં ઈસ્યુ ભરવાનો છે. ૩૩ શેરો માટે ૧૯૭૧૮ ભરવાના છે. હાલ આ ઈસ્યુના ફોર્મના કોષ્ટકના સોદા ૧૧૦૦થી ૧૨૦૦ના ભાવે થઈ રહ્યા છે જ્યારે ગ્રે માર્કેટમાં શેરદીઠ પ્રીમીયમ ૧૮૦થી ૨૦૦ જેવું ઉંચું બોલાય છે. આ ઈસ્યુ ૪થી ૫ ગણો ભરાય તેવી શક્યતા છે. હાલમાં ભારે ફેન્સી જોવાઈ રહી છે.

આ ઉપરાંત ૨૮ એપ્રિલે ઉજ્જીવન ફાઈનાન્સિયલી સર્વિસસનો ઈસ્યુ ૨૮ એપ્રિલે ૨૦૭થી ૨૧૦ની પ્રાઈસબેન્ડથી મૂડીબજારમાં પ્રવેશી રહ્યોછે. આ ઈસ્યુમાં ઓછામાં ઓછા ૭૦ શેરો ત્યારબાદ તેના ગુણાંમાં અરજી કરવાની રહેશે. ૭૦ શેર સાથે ૧૪૭૦૦ ભરવાના છે. આ ઈસ્યુ ગળાગળો ભરાવા વકી છે. ક્યુઆઈસી માટે ૫૦ ટકા, હાઈનેટવર્થ માટે ૧૫ ટકા અને રિટેલ ઈન્વેસ્ટરો માટે ૩૫ ટકા શેરો અનામત રખાય છે. કંપનીનો કુલ ઈસ્યુ ૮૮૨.૫૦ કરોડ શેર છે. હાલ કોષ્ટકના ફોર્મના ૧૦૦૦ તથા ગ્રે માર્કેટમાં શેરનું પ્રીમીયમ ૪૦થી ૪૨ જેવું બોલાય છે. આ ઈસ્યુ પણ લિસ્ટીંગ ગેઈન્સ લાભ લેવા ભરવાનું જોખમ ઉઠાવી શકાય.

પ્રાયમરી માર્કેટમાં ફરી શરૂ થયેલ ધમધમાટને સાથે તેજી છવાઈ છે. અને ૨૯ જેટલી કંપનીઓ આઈપીઓ મારફતે ૧૫૦૦૦ કરોડ ઉભા કરવા અઢી ડઝન જેટલા ઈસ્યુઓ આવી રહ્યા છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં આઈપીઓ મારફતે ૧૪૪૬૧ કરોડ ઉભા કરાયા હતા. જે રકમ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ છે. જોકે, ૨૦૧૪-૧૬ના વર્ષમાં મૂડીબજારમાં પ્રવેશેલા ૨૫ ઈસ્યુઓમાંથી ૨૫ કંપનીઓના ઈસ્યુઓના શેરો પ્રીમીયમમાં ટ્રેડીંગ થઈ રહ્યા છે. એસએમઈ પ્લેટફોર્મ પર પણ ઈસ્યુઓની સંખ્યા વધી રહી છે. અને આ મથાળે બે કંપનીઓ આ પ્લેટફોર્મ પરથી મૂડીબજારમાં આવી રહી છે. મળતા હેવાલો મુજબ ૨૭ કંપનીઓએ ૨૦૧૬માં પબ્લીક ઈસ્યુ માટે સેબીની મંજુરી માંગી છે.